# બેંક ઓફ બરોડા એમ્પ્લોઇઝ યુનિયન,અમદાવાદ.

સંલગ્ન : ઓલ ઇન્ડીયા બેંક ઓફ બરોડા અપ્લોઇઝ ફેડરેશન,મુંબઇ.

સંલગ્ન : એન.સી.બી.ઇ.

રેકગનાઇઝડ યુનિયન

# સન્માન પત્ર

રજી. નં. જી.૬૨૫

સન્માનનીય શ્રી જીતુભાઇ એન.પટેલ

આપશ્રીએ બેંક ઓફ બરોડા અપ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી તરીકે ૨૫ વર્ષ સુધી આ સંસ્થાની નેતાગીરી સ્વીકારી આગવી પ્રતિભા ઉપસાવી છે.આ પ્રસંગે અમો સર્વે સભ્યો અને શુભેચ્છકો અનેક શુભેચ્છાઓ સહ,આ શુભ ભાવનાઓનો કુંજ આપની સમક્ષ રજુ કરી આપનું હાર્દિક સન્માન કરીએ છીએ.

આપે ૧૯૬૨ માં બેંક ઓફ બરોડા ગાંધીરોડ શાખા,અમદાવાદ માં ક્લાર્ક તરીકે નોકરી માં જોડાયા બાદ ૧૯૬૫ માં ગાંધીરોડ શાખાના શાખા પ્રતિનિધિ તરીકે ટ્રેડ યુનિયન પ્રવૃત્તિના શ્રીગણેશ કર્યા. ટયારબાદ એક વર્ષમાં જ જોઇન્ટ સેક્રેટરી તરીકે ઉપરોક્ત યુનિયન નું સુકાન સંભાળ્યું.૧૯૭૦ના દાતકામાં આપશ્રીને અધિકારીનું પ્રમોશન મળ્યું પરંતુ યુનિયનના હિતમાં આપશ્રીએ પ્રમોશનનો અસ્વીકાર કર્યો.તીક્ષ્ણ બુધ્ધિમત્તા,આગવી સુઝ,હૈયા ઉકલત અને વાસ્તવદર્શી પ્રશ્નોનો મૌલિક ઉકેલ શોધવાની કળાથી આપશ્રી અમારા સૌના નદરિ,નિસ્વાર્થ અને નિષ્ઠાવાન નેતા બન્યા.પ્રેમાળ,સરળ,મિલનસાર,ધીરગંભીર છતાં વિનોદપ્રિય સ્વભાવ અને કૌટુંબિક ભાવના સભર હુંફાળું વાતાવરણ સર્જવાની કળા વડે સંયોજીત આપનું વિરાટ વ્યક્તિત્વ,ફક્ત ગુજરાતમાં જ નહીં,પરંતુ સમગ્ર ભારતના બેંક ઓફ બરોડાના કર્મચારીઓમાં મીઠી સ્મૃતિઓથી ભરેલું છે. જે અવિસ્મરણીય તેમજ અવર્ણનીય છે.

આપના નેતૃત્વ હેઠળ આ યુનિયન દ્વારા આ યુનિયન રાષ્ટ્રિય વિકાસ,બેંકના વિકાસ,રમતગમતના વિકાસ,તેમજ બેંક ઓફ બરોડાના કર્મચારીઓના નીતિ વિષયકા પ્રશ્નો અંગે છેલ્લા ૨૫ વર્ષથી સતત જાગૃત રહી આપશ્રીએ જે કાર્યવાહી કરેલી છે તેનો સંક્ષિપ્ત ચિતાર અત્રે રજુ કરીએ છીએ.

- ❖આંતરરાષ્ટ્રીય બાળવર્ષ ની ઉજવણી.
- ❖આંતરરાષ્ટ્રીય મહિલાવર્ષ ની ઉજવણી.
- ❖મોરબી રેલ રાહત ફંડ અને રેલ રાહત કાર્યો.

❖ સૌરાષ્ટ્ર દરિયાકાંઠાના વાવાઝોડા વખતે રાહત ફંડ અને રાહત કાર્યો.
❖ નૂતન આર્થિક કાર્યક્રમ અન્વયે નાના કારીગરોને આર્થિક સહાય.
❖ બેંકના રાષ્ટ્રીયકરણની દ્વિતિય સંવતસરીની ઉજવણી નિમિત્તે યુનિયન તરફથી ૧૯ જુલાઇ થી ૨૪ જુલાઇ દરમ્યાન બેંકમાં વિવિધ યોજનાઓમાં ૫૦૯૦ નવા ખાતા ખોલાવ્યા.
❖ ગ્રાહકસેવા સુધારણા સપ્તાહ અને ડીપોઝીટ મોબીલાઇઝેશન સપ્તાહની ઉજવણી.
❖ ડીપોઝીટ મોબીલાઇઝેશન સપ્તાહ અન્વયે ૧૯૮૬માં યુનિયન તરફથી ૯ કરોડ જેવી માતબર ડીપોઝીટ એકત્રીત કરવામાં આવી.
❖ ૧૯૯૦ ૧૯૯૧ ના વર્ષમાં યુનિયન તરફથી બેંકને દરેક શાખામાં હોમ લોન એકાઉન્ટ્સ ની જાણકારી જનતાને પુરી પાડી હોમ લોન એકાઉન્ટ્સ ખોલાવડાવ્યા અને બેંક ની થાપણોમાં વૃધ્ધિ કરી.
❖ ૧૯૯૨ માં વસત ઉત્સવની ઉજવણી વખતે બેંકનું એક્ષટેંશન કાઉન્ટર ખોલાવી યુનિયનના સભ્યો દ્વારા બેંકની વિવિધ યોજનાઓની માહિતી જાહેર જનતાને પુરી પાડી.અને તે યોજનાઓના સ્થળ પર જ ખાતા ખોલાવ્યા.
❖ ૧૯૭૨ ૧૯૭૩ માં મલ્ટી સર્વિસ એજન્સીની શાખા અમદાવાદમાં સૌ પ્રથમ ખોલવામાં આવી, તે અન્વયે અમદાવાદના નાના કારીગરો,નાના ઉત્પાદકો તથા વેપારીઓને લોનની સહાય આપાવી.
❖ બેંક ઓફ બરોડા માં આપશ્રીએ ૧૯૭૨ થી ૧૯૮૨ દરમ્યાન વર્કમેન ડાયરેક્ટર તરીકે સેવાઓ આપી.જે બેંકિગ ઇતિહાસ માં આગવી સિધ્ધિ છે.
❖ આપશ્રીની વર્કમેન ડાયરેક્ટરની ફરજો દરમ્યાન આપે એક વખત બોર્ડ મીટીંગ માં ચેરમેનશ્રીની અનુપસ્થિતિમાં આપની કુશાગ્ર બુધ્ધિથી બોર્ડ ના ચેરમેન તરીકે બોર્ડ મીટીંગનું સફળતા પુર્વક સંચાલન કર્યું હતું.
❖ આપની ૨૫ વર્ષની કારકિર્દી દરમ્યાન લગભગ ૩૦૦ થી વધારે સબસ્ટાફ સભ્યોના પુત્રોને બેંકમાં કાયમી નોકરી અપાવી.ઉપરાંત અમદાવાદ એમ.એસ.એ. ની સ્થાપના વખતે સ્ટાફ મેમ્બરના છોકરાઓને નોકરી અપાવી ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું.
❖ સબસ્ટાફમાંથી કલાર્ક અને કલાર્કમાંથી ઓફિસર અંગેના પ્રમોશન માટેના કોચીંગ ક્લાસ શરૂ કરાવ્યા અને બઢતીમાં દરેક કર્મચારી ને મદદરૂપ બન્યા.
❖ આપની આ સમગ્ર કારકિર્દી દરમ્યાન આપે ઓલ ઇન્ડિયા બેંક ઓફ બરોડા એમ્પ્લોઇઝ ફેડરેશનમાં વર્ષો સુધી સેવાઓ આપી,ફેડરેશનની નેગોશીએશન કમીટીના આધારસ્તંભ બની રહ્યા છો. તેમજ એન.સી.બી.ઇ. ના સેન્ટ્રલ કમીટી મેમ્બર છો. ગુજરાત એન.સી.બી.ઇ.ના પ્રમુખ તરીકે આજે પણ આપશ્રી સેવાઓ આપી રહ્યા છો.
❖ રાષ્ટ્રીય સ્તરે બેંક સાથેની વાટાઘાટોમાં બેંકના હિતની સાથે કર્મચારીઓનું હિત આપના હૃદયમાં વસેલું છે. પરિણામે રીક્રુટમેન્ટ પોલીસી,પ્રમોશન પોલીસી,ટ્રાન્સફર પોલીસી,હેડકેશીયર કેટેગરી સી અને કેટેગરી ઇ,હોલીડે હોમ્સ,વેલ્ફેર પોલીસી અન્વયે હોસ્પિટલની સેવાઓ તેમજ દવાઓની સગવડ,હેડ પ્યુન અને દફ્તરી અંગેની પોલીસી વગેરેમાં આપશ્રીએ વિશાળ સભ્ય સમુદાયનું હિત હંમેશા લક્ષમાં લીધું છે.
❖ ખેલકુદ પ્રત્યેનો આપનો સવિશેષ પ્રેમ,આપશ્રી રણજીટ્રોફી ક્રિકેટર તેમજ ગુજરાત રણજીટ્રોફી ટીમના મેનેજર અને સીલક્ટર તરીકે રહેલા છો. બેંકમાં પણ સ્પોર્ટસમેનની ભરતી અંગે આપશ્રીએ રસ દાખવી સમગ્ર ભારતમાં વિવિધ રમતના ખેલાડીઓને બેંકમાં ભરતી કરાવ્યા છે.

❖મેડિકલ એઇડ માં સ્ટાફ મિત્રોને કીડની ટ્રાન્સપ્લાન્ટેશન,ઓપન હાર્ટ સર્જરી તેમજ કેન્સર જેવ જીવલેણ રોગોની સારવાર માટે હજારો રૂપિયાની સહાય બેંક પાસેથી અપાવવામાં આપશ્રી સહાયરૂપ બન્યા છો.
❖બેંકમાં ખાતાકીય તપાસમાં તેમજ શિસ્તપાલન અંગેના કેસમાં સસ્પેન્ડ થયેલા કર્મચારીઓને બેંકમાં પાછા નોકરીમાં પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ બન્યા છો.
❖આપના નેતૃત્વ હેઠળ આપણા ઝોનમાં ઔદ્યોગિક સંબંધો ઉમદા,મીઠાશભર્યા અને મનમેળસભર આપે સ્થાપિત કર્યા છે,તેને અમો વિસરી શકીએ તેમ નથૈ.

આપશ્રી ટ્રેડ યુનિયન પ્રવૃત્તિની સફળતાનો મુખ્ય આધાર આપના પત્ની શ્રીમતી પ્રવિણાબેન પટેલ,કે જેઓ આપના પ્રેરણામુર્તિ છે અને આપની જવાબદારીઓ ખુબ સફળતાપૂર્વકા બજાવવા માટે તેઓશ્રીએ વિશાળ સભ્ય સમુદાયના હિતમાં તેમની લાગણીઓનો ભોગ આપેલો છે, તેને તમામ સભ્યો કદી વિસરી શકે તેમ નથી. આ પ્રસંગે અમે તેમનું સન્માન કરીએ છીએ.

આપની સાથેના મીઠા સ્મરણો અને ક્ષિતિજો પામવા માટે બેંક ઓફ બરોડાના તમામ કર્મચારી ગૌરવ અનુભવે છે.ઇશ્વરીય શક્તિ અને પ્રેરણાસ્ત્રોત અખંડિત રીતે આપની તરફ વહ્યા કરે,આપની તેમજ આપના કુટુંબીજનોની સુખ સમૃધ્ધિ ઉત્તરાત્તર વધે,તેમજ આપને સ્વસ્થ આરોગ્ય તેમજ દીર્ઘાયુષ્ય મળે તેવી અભ્યર્થના.

કાશીરામ અગ્રવાલ હોલ,
અમદાવાદ
તા.૧૧મી જાન્યુઆરી,૧૯૯૪.

અમો છીએ
બેંક ઓફ બરોડા એમ્પ્લોઇઝ યુનિયન
અમદાવાદના સભ્યો અને શુભેચ્છકો